ધર્મ અમારો એક માત્ર એ 'સર્વધર્મ સેવા' કરવી, ધ્યેય અમારું છે માનવતા, વિશ્વમહી એને ભરવી...

## રાજ્યમાં વધુ ૮૧૫૨ નવા કેસ : ગાંધીનગરમાં ૧૨૯ : અમદાવાદમાં ૨૬૩૧




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૫ | ૧૬ એપ્રિલ, ૨૦૨૧, શુક્રવાર; ચૈત્ર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આભ ફાટ્યું : દૈનિક કેસ બે લાખને પાર

## છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી ૨૦૦૭૩૯ કોરોનાના નવા કેસ : કોરોનાનો અત્યાર સુધીમાં સૌથી મોટો એટેક

નવી દિલ્હી,તા.૧૫

ભારતમાં કોરોનાની સ્થિતિ દિન પ્રતિદિન કથળી રહી છે. દૈનિક કેસમાં ચિંતાજનક સ્તરે વધારો જોવા મળી રહ્યો છે. આજે તો કોરોનાએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા. દેશભરમાંથી છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨ લાખથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે એક જ દિવસમાં ૧૦૩૮ લોકોના મોત નિપજ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી ૨,૦૦,૭૩૯ કોરોનાના નવા કેસ નોંધાયા છે. આ સાથે જ કુલ કેસનો આંકડો ૧,૪૦,૭૪,૫૬૪ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૨૪,૨૯,૫૬૪ લોકો રિકવર થયા છે જ્યારે ૧૪,૭૧,૮૭૭ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. દેશમાં એક્ટિવ કેસનો આંકડો ચિંતાજનક સ્તરે પહોંચી રહ્યો છે. એક જ દિવસમાં કોરોનાએ ૧૦૩૮ લોકોનો ભોગ લીધો છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો ૧,૭૩,૧૨૩ પર પહોંચી ગયો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૧,૪૪,૯૩,૨૩૮ લોકોને રસી અપાઈ છે. એક રિપોર્ટ મુજબ ભારતમાં ૧૦ દિવસ પહેલા દૈનિક કેસ એક લાખ હતા જ્યારે હવે ૨ લાખની આજુબાજુ જોવા મળી રહ્યા છે. એટલે કે ૧૦ જ દિવસમાં સંક્રમિતોનો દૈનિક આંકડો એક લાખથી ૨ લાખ સુધી પહોંચી ગયો. આ અગાઉ અમેરિકામાં દૈનિક કેસ એક લાખથી ૨ લાખ સુધી પહોંચવામાં ૨૧ દિવસનો સમય લાગ્યો હતો. અમેરિકામાં ગત વર્ષ ૩૦ ઓક્ટોબરના રોજ એક લાખ દૈનિક કેસ સામે આવ્યા હતા. જે ૨૦ નવેમ્બરના રોજ ૨ લાખને પાર કરી ગયા હતા. worldometers.info વેબસાઈટ મુજબ અમેરિકામાં ૮ જાન્યુઆરીના રોજ એક જ દિવસમાં ૩ લાખ ૯ હજાર ૩૫ કેસ નોંધાયા હતા.

## દિલ્હીમાં શુક્રવાર રાતના ૧૦થી સોમવાર સવારના ૬ સુધી કર્ફ્યુ

### જરૂરી સેવાઓ ખુલી રહેશે, લગ્નની તારીખો નક્કી છે તેમને પાસ આપવામાં આવશે : અરવિંદ કેજરીવાલ

નવી દિલ્હી, તા. ૧૫

કોરોનાના વધતાં સંકટ વચ્ચે દિલ્હીમાં વીકેન્ડ કર્ફ્યૂની જાહેરાત કરવામાં આવી છે. આ વીકેન્ડ કર્ફ્યૂ શુક્રવારે રાત્રે ૧૦ વાગ્યે શરૂ થશે અને સોમવારે સવારે ૬ વાગ્યા સુધી રહેશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે બપોરે આ પ્રેસ કોન્ફરન્સ કરી આ અંગે જાહેરાત કરી.

વીકેન્ડ કર્ફ્યૂને લઈને અરવિંદ કેજરીવાલે કહ્યું કે, જરૂરી સેવાઓ ખુલી રહેશે. જ્યારે જેમની લગ્નની તારીખો નક્કી છે તેમને પાસ આપવામાં આવશે. મોલ, જિમ, સ્પા, માર્કેટ અને અન્ય વસ્તુઓ બંધ રહેશે, સિનેમા હોલ ૩૦ ટકા પ્રમાણે ચાલી શકશે.

વીકેન્ડમાં માત્ર વિસ્તાર પ્રમાણે એક માર્કેટ ખોલવામાં આવશે. કેજરીવાલે કહ્યું કે, પાંચ દિવસ લોકો કામ કરે અને વીકેન્ડમાં ઘરે રહેવાનો પ્રયાસ કરે. જો કોઈને હોસ્પિટલ જવું છે, એરપોર્ટ, બસ



સ્ટેશન, રેલવે સ્ટેશન જવું હોય તો તે લોકોને વીકેન્ડ કર્ફ્યૂમાં છૂટ રહેશે. પરંતુ તેની માટે પાસ લેવું પડશે.

## કુંભ મેળામાં ૪૦ સાધુ-સંતો સંક્રમિત

હરિદ્વાર, તા. ૧૫

હરિદ્વારમાં ચાલી રહેલો કુંભ મેળો સુપર સ્પ્રેડર બની જાય તેવુ જોખમ તોળાઈ રહ્યુ છે. કારણકે અહીંયા રોજ પાંચ થી છ સંતો કોરોના પોઝિટિવ થઈ રહ્યા છે. અત્યાર સુધીમાં જેમને કોરોના થયો હોય તેવા સંતોની સંખ્યા ૪૦ પર પહોંચી ગઈ છે.

કુંભના કારણે અલગ અલગ ૧૩ અખાડાઓની છાવણીઓમાં દેશભરના હજારો સંતો રોકાયા છે. અહીંયા સંતોના દર્શન કરવા માટે પણ હજારો ભાવિકો રોજ આવી રહ્યા છે. આવા સંજોગોમાં કુંભનગરીમાં મોટા પાયે કોરોના વિસ્ફોટ થવાનો ડર છે. મહાકુંભમાં શાહી સ્નાન બાદ કોરોના સંક્રમિતોની સંખ્યા પણ ઝડપભેર વધી રહી છે.

સંતોના સતત દબાણના કારણે રાજ્ય સરકારે પહેલા તો ખુલ્લામાં છાવણીઓ નાંખવાની અને બાદમાં કથા આયોજનને પણ મંજુરી આપી હતી. સંતોની કોઈ છાવણી કોરોના સંક્રમણમાંથી બાકાત નથી. સૌથી વધારે સંક્રમણ પંચદશનામ જુના અખાડા અને પંચાયતી અખાડા તેમજ શ્રી નિરંજન અખાડામાં છે. જો સંક્રમણ મોટા પાયે ફેલાયુ તો હાલાત બદતર બની શકે છે.

સ્વાસ્થ્ય વિભાગ કુંભ મેળા વિસ્તાર તેમજ રાજ્યની બોર્ડર પર ટેસ્ટિંગ કરી રહ્યુ છે પણ અખાડાઓમાં કોરોના ટેસ્ટ થઈ રહ્યા નથી. જે પણ સંત કોરોના પોઝિટિવ મળ્યા છે તેઓ સામે ચાલીને ટેસ્ટ કરાવવા માટે આવ્યા હતા. શાહી સ્નાનના પગલે સંતોની કોવિડ તપાસ નથી થઈ રહી તેવુ સરકારનુ કહેવુ છે પણ ૧૭ એપ્રિલથી અખાડાઓમાં રેન્ડમ સેમ્પલ લેવાનુ શરુ કરાશે.

## ગુજરાતમાં ધોરણ-૧૦-૧૨ પરીક્ષા સ્થગિત

### ધો.૧ થી ૯ અને ૧૧માં માસ પ્રમોશન અપાશે : CBSEએ ધોરણ-૧૦ની પરીક્ષા રદ, ધો.૧૨ની પરીક્ષા સ્થગિત કરી : બોર્ડની પરીક્ષા ક્યારે લેવી તેનો નિર્ણય ૧૫મી મેના રોજ સ્થિતિની સમીક્ષા કર્યા બાદ લેવાશે,

સીબીએસઈ ઉપરાંત, કેટલાક રાજ્યોએ પણ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને હાલની સ્થિતિને ધ્યાનમાં રાખી મોકૂફ રાખ્યા બાદ હવે ગુજરાત સરકારે પણ આ મામલે મહત્વનો નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર, ૧૦મી મેથી શરુ થઈ રહેલી બોર્ડની પરીક્ષા હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે. આ



ઉપરાંત, ગત વર્ષની માફક આ વખતે પણ ધોરણ ૧થી૯ અને ૧૧માં માસ પ્રમોશન આપવામાં આવશે.

કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા સતત વધતી રહે છે. કોરોનાનો પ્રકોપ વધતા નગરજનો સ્વયંભુ વેપાર ધંધા પણ બંધ રાખવા માંડયા છે. જયારે રાત્રિ કરફયુ પણ ચાલી રહ્યો છે. સી બી એસ સી બોર્ડસની ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા પણ પાછી ઠેલવવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે ગુજરાતમાં પણ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે જેને ધ્યાને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી મેં મહીનામાં લેવાનારી બોર્ડ પરીક્ષા હાલ પુરતી મોકુફ રાખવા વિચારણા હાથ ધરવામાં આવી હતી જેના અંતે આજે ધો ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આગામી તા ૧૦ મેં સુધી મોકુફ રાખવા નિર્ણય લેવાયો છે. કોરોનાના વધતા સંક્રમણને અનુલક્ષી સરકારે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય હિતમાં ધો ૧ થી ૧૨ માં શાળાના વર્ગોમાં અપાતા પ્રત્યક્ષ શિક્ષણ પણ બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત અન્ય સરકારી ભરતી પરીક્ષાઓ પણ હાલ પુરતી બંધ રાખવાનો નિર્ણય સરકારે જાહેર કર્યો છે.

## દૈનિક કેસની સંખ્યામાં ભારત યુએસને પાછળ છોડવાની તૈયારીમાં

### વિશ્વમાં અમેરિકા જ એક માત્ર દેશ છે કે જ્યાં એક જ દિવસમાં બે લાખ કરતા વધારે કેસ નોંધાયા છે

નવી દિલ્હી, તા. ૧૫

ભારતમાં બુધવારે કોરોનાના ૨ લાખ કરતા નજીક નવા કેસ નોંધાયા હતા, કોરોનાના નવા કેસમાં જે રીતે ઉછાળો આવી રહ્યો છે તેની સાથે એક દિવસમાં નોંધાતા કેસ ૧૦ દિવસમાં બમણા થઈ ગયા છે. રાજ્ય સરકારો પાસેથી મેળવાયેલા આંકડા પ્રમાણે એક જ દિવસમાં ૧,૯૯,૬૨૦ નવા કેસે રેકોર્ડ તોડ્યા છે, એટલે કે ૨ લાખ સુધી પહોંચવામાં માત્ર ૩૮૦ લાખ કેસ ખુટે છે. એક દિવસમાં નોંધાતા કેસની સંખ્યા ૧૦ દિવસની અંદર એક લાખને પાર થઈ ગઈ છે.

દુનિયામાં અમેરિકા એકમાત્ર દેશ છે કે જ્યાં એક જ દિવસમાં કોરોનાના ૨ લાખ કરતા વધારે કેસ નોંધાયા છે, અમેરિકામાં એક દિવસમાં ૧ લાખ કેસ નોંધાયા પછી ૨૧ દિવસ બાદ ૨ લાખ પર આંકડો પહોંચ્યો હતો. અમેરિકામાં ૩૦ ઓક્ટોબરે ૧ લાખ કેસ થયા હતા અને પછી ૨૦ નવેમ્બરે કેસ ૨ લાખ પર પહોંચ્યા હતા. અમેરિકામાં વર્લ્ડઓમીટર ડોટ ઈન્ફો વેબસાઈટ મુજબ સૌથી વધુ એક દિવસમાં ૮ જાન્યુઆરીના રોજ ૩,૦૯,૦૩૫ કેસ નોંધાયા છે.

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર વધારેને વધારે જોખમી બની રહી છે. ૧૧માંથી ૯ દિવસ દરમિયાન સતત કેસમાં ઉછાળો આવ્યો છે જેમાં વિકએન્ડ દરમિયાન ઓછો સ્ટાફ અને ઓછા ટેસ્ટિંગના કારણે આંકડો નીચો રહ્યો હતો.

બુધવારે કોરોનાના કારણે એક જ દિવસમાં જીવ ગુમા દર્દીઓની સંખ્યા ૧૦૦૦ને પાર થઈ ગઈ છે, બુધવારે વધુ ૧,૦૩૮ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે, જે ૨ ઓક્ટોબર પછી સૌથી વધુ છે.

## ભારત-પાક.ની જાસૂસી સંસ્થાના અધિકારીની દુબઈમાં બેઠક થઈ

નવી દિલ્હી, તા. ૧૫

ભારત અને પાકિસ્તાન વચ્ચે તનાવ યથાવત છે. બંને દેશો વચ્ચે વેપારી સબંધો પણ નથી અને વાટાઘાટો પર પણ રોક લગાવાઈ છે.

આ પ્રકારના સંજોગો વચ્ચે ભારત અને પાકિસ્તાનની જાસૂસી સંસ્થાઓના અધિકારીઓ વચ્ચે જાન્યુઆરી મહિનામાં દુબઈમાં એક બેઠક યોજાઈ હોવાના અહેવાલોએ હલચલ મચાવી છે. ભારત સરકાર આ મુદ્દે ચુપ છે અને પાકિસ્તાન પણ કોઈ ખુલાસો કરવા માટે તૈયાર નથી.

એવુ કહેવાય છે કે, છેલ્લા અઢી મહિનાથી બંને દેશો વચ્ચે પડદા પાછળની ડિપ્લોમસી શરુ કરાઈ છે. જેથી તનાવ ઓછો થઈ શકે. રિપોર્ટ પ્રમાણે બંને દેશો વચ્ચે સામાન્ય સબંધો કરવાની કવાયતના ભાગરુપે દુબઈમાં ભારતની જાસૂસી સંસ્થા રો અને પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકના આયોજન માટે યુએઈ દ્વારા પણ મદદ કરવામાં આવી હતી.

જોકે બેમાંથી એક પણ દેશે અત્યાર સુધી આ અંગે કોઈ નિવેદન આપ્યુ નથી. જોકે પાકિસ્તાનના એક ડિફેન્સ એક્સપર્ટનુ કહેવુ છે કે, બંને દેશની જાસૂસી સંસ્થાના અધિકારીઓ કેટલાક મહિનાથી ત્રીજા દેશની ધરતી પર એક બકીજાને મળી રહ્યા છે. મારી જાણકારી પ્રમાણે થાઈલેન્ડ, દુબઈ અને લંડનમાં આ પ્રકારની ઉચ્ચસ્તરીય બેઠકો યોજાઈ ચુકી છે. ભૂતકાળમાં પણ આ પ્રકારની બેઠકો થઈ હોવાનુ મારુ માનવુ છે.જોકે તે અંગે જાહેરમાં ભારત અને પાકિસ્તાન કશું બોલ્યા નથી.

## બંગાળમાં કોંગ્રેસના એક ઉમેદવારનું કોરોનાથી મોત

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચારમાં થઈ રહેલી લાખોની ભીડ વચ્ચે કોરોનાનુ સંક્રમણ યથાવત છે અને હવે રાજકીય પક્ષો સુધી તેનો વ્યાપ પહોંચી ગયો છે. બંગાળમાં કોંગ્રેસના એક ઉમેદવારનુ કોરોનાના કારણે મોત થયુ છે. મુર્શિદાબાદની સમશેરગંજ વિધાનસભા બેઠકના ઉમેદવાર રિજાઉલ હકને કોરોનાન સંક્રમણ લાગ્યા બાદ કોલકાતાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે મોત થયુ હતુ.

## પ્રવાસી મજૂરોનો ધસારો વધતાં વધુ ૧૩ ટ્રેન દોડાવવાનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૫

લોકડાઉનની આશંકા વચ્ચે ગુજરાત, મહારાષ્ટ્ર અને બીજા રાજ્યોમાંથી પ્રવાસી મજૂરોની ફરી વતન વાપસી શરુ થઈ ગઈ છે. હાલમાં જે ટ્રેનો ચાલી રહી છે તે પણ તેના કારણે ઓછી પડવા માંડી છે. લોકો રિઝર્વેશન વગર મુસાફરી કરી રહ્યા છે અને આ ટ્રેનોમાં ભીડ એટલી વધારે છે કે, ટિકિટ ચેકરોએ ચેકિંગ કરવાનુ પણ બંધ કરી દીધુ છે. ટ્રેનો ઓછી પડી રહી હોવાથી હવે રેલવે દ્વારા બીજી ૧૩ ટ્રેનો દોડાવવાનુ નક્કી કર્યુ છે. ટ્રેનો ગુજરાત,મુંબઈ, પૂણે, અમદાવાદ અને યુપીના બીજા શહેરો વચ્ચે અવર જવર કરશે. રેલવે દ્વારા નવી ટ્રેનોનુ ટાઈમ ટેબલ પણ જાહેર કરવામાં આવ્યુ છે. આમ તો હજી સુધી મુંબઈને બાદ કરતા બીજા રાજ્યોએ આકરા પ્રતિબંધ મુકયા નથી પણ ગયા વર્ષે થયેલા લોકડાઉનના કડવા અનુભવના કારણે અન્ય રાજ્યોમાં જતા શ્રમિકોનો ગભરાટ યથાવત છે.











